# ભારત વિકાસ સપ્તાહ ઉજવણી અહેવાલ

ભારતના સરકારના વહીવટીય માળખાના નાગરિક પ્રથમ અભિગમ સાથે લોકાભિમુખ અને સક્રિય અને સુચારુ શાસનની ઉજવણીના ભાગરૂપે રાજય સરકાર દ્વારા સમગ્ર રાજયમાં પ્રતિ વર્ષ તારીખ ૭ ઓકટોબર થી ૧૫ ઓકટોબર દરમિયાન વિકાસ સપ્તાહ ઉજવવાનું સરકારશ્રીના સામાન્ય વિભાગ દ્વારા ઠરાવ્યા અનુસાર સચિવાલય તેમજ રાજયકક્ષાની તમામ કચેરી દ્વારા નિયત કરેલ તારીખ અને સમય મુજબ પ્રતિજ્ઞાનું વાંચન કરવું એવું નક્કી કરવામાં આવ્યું છે.


આ વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી દ્વારા તા ૮/૧૦/૨૦૨૪ ના રોજ સવારે ૧૧.00 કલાકે કચેરીના સમિતિખંડમાં કાર્યપાલક નિયામકશ્રી ડૉ.સી.સી.ચૌધરીના અધ્યક્ષસ્થાને "ભારત વિકાસ પ્રતિજ્ઞા"નું વાંચન કરવામાં આવ્યું. જેમાં કચેરીના ડૉ.દેવચંદભાઇ વહોનિયા અને અધિકારી- કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતાં.

સૌ પ્રથમ આ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે એકત્રિત થયેલ સૌને આવકાર અને કાર્યક્રમની રૂપરેખાનો આછો ખ્યાલ ડૉ. તેજલબ્હેન અધ્વર્યુએ આપ્યો હતો. ત્યારબાદ કચેરીના વડા અને આ કાર્યક્રમના અધ્યક્ષ ડૉ.સી.સી.ચૌધરીસાહેબે કાર્યક્રમ અંગે પ્રાંસગિક ઉદ્દબોધન કર્યુ હતું.અધ્યક્ષશ્રીએ એમના ઉદ્દબોધનમાં ભારતના લોકલાડીલા વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીના વડપણ હેઠળ કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા છેલ્લા ત્રેવીસ વર્ષમાં થયેલ લોકાભિમુખ કામગીરી તેમજ સુચારુ વ્યવસ્થાપન અંગે સૌને માહિતગાર કરવાનો પ્રયાસ કર્યો હતો.

અધ્યક્ષશ્રીના ઉદ્દબોધન બાદ ડૉ.તેજલબહેન અધ્વર્યુએ સૌને ભારત વિકાસ પ્રતિજ્ઞાનું વાંચન કરાવ્યું હતું.પ્રતિજ્ઞા વાંચન બાદ "જયહિંદ" અને "ભારત માતા કી જય"ના નારા લગાવ્યા હતા.

કાર્યક્રમના અંતે ડૉ.દેવચંદભાઇ વહોનિયાએ સૌનો આભાર માની કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી.

Scanned with OKEN Scanner



Scanned with OKEN Scanner



Scanned with OKEN Scanner